**<u>મે. સુરતના ૧૩માં એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મુ.સુરત</u>**

ક્રિમીનલ કેસ નંબર:૪૦૨૮૩/૨૦૧૯
આંક:–

ફરીયાદીઃ– સરકારશ્રી

**<u>વિરૂધ્ધ</u>**

આરોપી:– સઈદ રફીક શેખ,
રહે. બી/૬/૧૪૮, કોસાડ આવાસ, અમરોલી,
તા.જી.સુરત.

બાબતઃ ઇ. પી. કો. કલમ–૨૭૯ મુજબ

**<u>ચુકાદો</u>**

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ ઇ. પી. કો. કલમ–૨૭૯ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આજરોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ હોઈ તથા આજરોજ ખાસ સ્પે.સીટીગનું આયોજન હોઈ હાલના ગુનાની સજાની જોગવાઈ વિગેરે ધ્યાને લેતા સદર કામ સ્પે. સીટીંગમાં મુકવામાં આવેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી ગુના કબુલાત પુરશીસ રજુ કરતાં અને પ્લી કરતાં, આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલી છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઇ તે નોંધી પરંતુ, આરોપીની સદરહું કબુલાત તેમના વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા ઇસમ છે અને તેઓ કુટુંબના કમાનાર ઇસમ છે તથા તેઓનો પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂં છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ, આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ નટવરચંદ્ર ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમઃ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ઇ. પી. કો. કલમ–૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૨૦૦/– ( અંકે રૂપીયા બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ ૨૬ મી, માહે–જૂન, સને ૨૦૨૨ ના રોજ સ્પેશીયલ સીટીંગ લોકઅદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૬/૦૬/૨૦૨૨
સુરત

**( કમલેશકુમાર આર. ગાગનાણી )**
**૧૩માં જ્યુડી. મેજી. ફ.ક.,સુરત.**
**કોડ નં. જી. જે. ૦૧૬૮૭**